બિન સરકારી કોલેજોમાં આચાર્યની ભરતી
પ્રક્રિયા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ - 4 FEB 2012

<u>વંચાણે લીધાઃ-</u>

૧) શિક્ષણ વિભાગનો તા.૨૯/૯/૨૦૧૧નો ઠરાવક્રમાંકઃએનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ
૨) શિક્ષણ વિભાગનો તા.૧૪/૧૧/૨૦૧૧નો સુધારા ઠરાવક્રમાંકઃ એનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ
3) શિક્ષણ વિભાગનો તા.૧૧/૧૦/૧૯૮૮નો ઠરાવક્રમાંકઃ પરચ/૧૧૮૧/૫૫૮૮૩/ખ
૪) શિક્ષણ વિભાગનો તા.૧/૬/૧૯૮૯ ઠરાવક્રમાંકઃપરચ/૧૧૮૯/૭૩૧/ખ
૫) ગુજરાત રાજય અનુદાનિત કોલેજ આચાર્ય મંડળની તા.૨૫/૧/૨૦૧૨ની રજુઆત.

<u>આ મુ ખઃ-</u>

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧) થી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રિયા માટે ઠરાવ કરવામાં આવેલ હતો આ દરમ્યાન ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૫) પરના પત્રથી ગુજરાત રાજય અનુદાનિત કોલેજ આચાર્ય મંડળ ધ્વારા આચાર્યની ભરતીના કિસ્સામાં વિભાગના તા.૧/૬/૧૯૮૯ ના પરિપત્રના મુદ્દા નં.૧ સામે કરવામાં આવેલ સ્પષ્ટીકરણ અનુસાર આ પ્રકારના અધ્યાપક અથવા આચાર્યની નિમણૂંક સબંધિત યુનિવર્સિટીના સ્ટેચ્યુટ/ આદેશની જોગવાઇ પ્રમાણે નિયમોનુસારની હોય તે શરતે તેઓને એક કોલેજ છોડી બીજી કોલેજમાં નિમણૂંક સ્વીકારે ત્યારે તા.૧૧/૧૦/૮૮ના ઠરાવ તથા તા.૧/૬/૮૯ ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૧૮૯/૭૩૧/ખ થી થયેલ સ્પષ્ટીકરણ મુજબ લાયકાતના ધોરણ લાગુ પાડવાની જોગવાઇમાંથી મુકિત આપવા રજુઆત કરવામાં આવેલ હતી, જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વઃ-</u>

ગુજરાત રાજય અનુદાનિત કોલેજ આચાર્ય મહા મંડળની આમુખમાં જણાવ્યા મુજબની રજુઆત યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૦ ની જોગવાઇઓ સંદર્ભે ચકાસણી કર્યા બાદ જયારે આચાર્ય એક કોલેજ છોડી બીજી કોલેજમાં નિમણૂંક સ્વીકારે ત્યારે મંડળની રજુઆત

મુજબ લાયકાતના ધોરણ લાગુ પાડવાની જોગવાઇમાંથી મુકિત આપવાને બદલે આવા આચાર્યને ખાસ કિસ્સામાં પ્રતિ વર્ષના અનુભવ દીઠ ૨ ભારાંકગુણ પ્રમાણે મહત્તમ ૧૦ ગુણ આપવાના રહેશે. જે મૂળ ઠરાવમાં કરેલ ગુણભાર ઉપરાંત વધારાના ગુણ તરીકે આપવાનું પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.એચ.ખુમાર)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ-રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨(પે એન્ડ ઇ), ગુજરાત રાજય, અમદાવાદ-રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય,
- નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીવરાવ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વડોદરા
- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.
- રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
- રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
- રજીસ્ટ્રારશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૨
- રજીસ્ટ્રારશ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ, યુનિવર્સિટી, ભૂજ
- રજીસ્ટ્રારશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, જી. જુનાગઢ
- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત આર્ટસ, સાયન્સ, કોમર્સ, કાયદા અને બી.એડ. કોલેજ, ગુજરાત રાજય, ગાંધીનગર( ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, ખ.૧, શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર